શો બાજ

# ‘મામલા લીગલ હૈ’થી બદલાઈ ઈમેજ
# રવિ કિશનની નવી ઉડાન!



**રવિ કિશન–એક એવું નામ જે ભોજપુરી સિનેમાના સુપરસ્ટાર છે, ગોરખપુરના લોકપ્રિય સાંસદ છે અને હવે ઓટીટી (OTT) ની દુનિયાના ‘કાનૂની બાપ’ બની ગયા છે. તેમની સિરીઝ ‘મામલા લીગલ હૈ’ ની બીજી સીઝન અત્યારે ચર્ચાના ચગડોળે છે. ચાલો વધુ જાણીએ તેમના વિશે.......**

**‘મામલા લીગલ હૈ’ સીઝન 2 ને લોકોએ સીઝન 1 કરતા પણ વધુ પ્રેમ આપ્યો છે. વી.ડી. ત્યાગીનો આ નવો અવતાર કેવો રહ્યો?**

(હસતા હસતા) અરે ભાઈ, ખૂબ ખૂબ ધન્યવાદ! સાચું કહું તો, ‘વી.ડી. ત્યાગી’ મારા દિલની ખૂબ નજીક છે. સીઝન 2 માં તો મામલો વધુ ગંભીર અને વધુ મજેદાર છે. પટપડગંજ કોર્ટના વકીલોની જે દુનિયા છે ને, એમાં બુદ્ધિ ઓછી અને જુગાડ વધારે છે. લોકો મને રસ્તામાં મળે છે ત્યારે પૂછે છે, ત્યાગીજી, અમારો કેસ લડશો? મેં કીધું ભાઈ, હું કલાકાર છું, જો સાચે જ લડવા ગયો તો જજ સાહેબ મને જ જેલમાં નાખી દેશે! પણ હા, આ સીઝનમાં જે રીતે ન્યાયતંત્રની વિસંગતતાઓને હ્યુમર સાથે વણી લીધી છે, એનો જ આ જાદુ છે.

**શું તમને લાગે છે કે ‘વી.ડી. ત્યાગી’ના પાત્રએ તમારી ગંભીર ઈમેજને બદલી નાખી છે?**

ચોક્કસ! લાંબા સમય સુધી લોકો મને માત્ર ‘ભોજપુરી એક્શન હીરો’ માનતા હતા. પણ ‘લાપતા લેડીઝ’ અને હવે ‘મામલા લીગલ હૈ’ એ સાબિત કરી દીધું કે રવિ કિશનને જો યોગ્ય રોલ મળે, તો દુનિયા હચમચાવી શકું છું. મને ખુશી છે કે આજે યુવાનો, જેઓ કદાચ મારી જૂની ફિલ્મો નથી જોતા, તેઓ મને ‘ત્યાગીજી’ તરીકે ઓળખે છે. આ જ તો કલાકારની સાચી કમાણી છે.

**રવિ કિશનની કોઈ છુપી ટેલેન્ટ?**

હું બહુ સરસ રસોઈ બનાવી શકું છું! જો હું એક્ટર ન હોત, તો કદાચ કોઈ મોટો શેફ હોત. મારા હાથની ખીચડી અને ચોખા-દાળ ખાઈને લોકો આંગળા ચાટતા રહી જાય.

**તમારા જીવનનો સૌથી યાદગાર કિસ્સો કયો?**

જ્યારે મેં ‘તેરે નામ’ માં કામ કર્યું અને સલમાન ખાન સાથે સીન આપ્યો, ત્યારે લોકો મને ઓળખવા લાગ્યા. પણ સૌથી યાદગાર ક્ષણ એ હતી જ્યારે મેં મારા પિતાજીને પહેલીવાર મુંબઈમાં મારું ઘર બતાવ્યું હતું. તેમની આંખમાં જે આંસુ હતા, તે મારા માટે કોઈ ઓસ્કારથી ઓછા નહોતા.

**ભોજપુરી ફિલ્મ ઇન્ડસ્ટ્રી વિશે શું કહેશો? શું તમે ત્યાં હજી પણ એક્ટિવ રહેશો?**

ભોજપુરી મારી મા છે. હું ત્યાંથી ક્યારેય દૂર નહીં જાઉં. અત્યારે અમે ભોજપુરી સિનેમાને બદલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ગંદકી સાફ કરવી છે અને સારી સ્ટોરીઓ લાવવી છે. મેં તાજેતરમાં કેટલીક મોટી ફિલ્મો સાઈન કરી છે જે ભોજપુરી સિનેમાનો ચહેરો બદલી નાખશે. અમારો ગોરખપુરનો રણબંકુરો જ્યારે પરદા પર આવશે, ત્યારે થિયેટરમાં સીટીઓ વાગશે જ!

**રાજકારણમાં આવ્યા પછી એક્ટિંગ છૂટી જશે એવો ડર લાગે છે?**

બિલકુલ નહીં! એક્ટિંગ મારા લોહીમાં છે. સંસદમાં જ્યારે હું સ્પીચ આપું છું ત્યારે પણ લોકો કહે છે કે ‘રવિભાઈ, આ તો ફિલ્મી ડાયલોગ જેવું લાગે છે.’ હું જનતાની સેવા પણ કરું છું અને વચ્ચે સમય કાઢીને શૂટિંગ પણ કરું છું. મહાદેવની કૃપા છે કે બધું મેનેજ થઈ જાય છે.

**જો તમારે કોઈ એક બોલિવૂડ એક્ટરની બાયોપિક કરવી હોય, તો કોની કરશો?**

મને લાગે છે કે મિથુન દાની સફર અદ્ભુત છે. ‘નો બોડી ટુ સમબડી’ બનવાની તેમની વાર્તા મારા જેવી જ છે. એમની સ્ટાઈલ અને એમનો સંઘર્ષ મને ખૂબ પ્રેરણા આપે છે.

**‘મામલા લીગલ હૈ’ સીઝન 3 આવશે? અને તમારા આગામી પ્રોજેક્ટ્સ કયા છે?**

સીઝન 2 નો રિસ્પોન્સ જોતા લાગે છે કે સીઝન 3 જલ્દી આવશે. દર્શકોએ હજી ત્યાગીજીના ઘણા કારનામા જોવાના બાકી છે. આ સિવાય, મારી કેટલીક હિન્દી ફિલ્મો અને વેબ સિરીઝ પાઈપલાઈનમાં છે. રવિ કિશન ક્યારેય થાકતો નથી, એ તો બસ ‘રિફ્રેશ’ થાય છે!

**સોશિયલ મીડિયા પર ટ્રોલિંગ વિશે તમારું શું કહેવું છે?**

ટ્રોલર્સ બિચારા નવરા હોય છે. મને તો એમના પર દયા આવે છે. હું હંમેશા કહું છું - ‘લવ યુ ઓલ’. તમે મને ગાળો આપશો તો પણ હું તમને આશીર્વાદ જ આપીશ, કારણ કે નફરતનો જવાબ પ્રેમ જ હોઈ શકે.

**યુવા કલાકારો અને તમારા ચાહકોને શું કહેશો?**

એક જ વાત– મહેનત એટલી શાંતિથી કરો કે તમારી સફળતા અવાજ કરે. ક્યારેય શોર્ટકટ ન લેતા. મેં 10 રૂપિયા માટે પણ કામ કર્યું છે અને આજે લોકો મને કરોડોમાં પ્રેમ આપે છે. આ બધું ધીરજનું ફળ છે. ●




# ‘લુખ્ખે’: મ્યુઝિક અને ક્રાઈમનું કોકટેલ!

અપકમિંગ

OTT સ્પેસમાં અત્યારે ક્રાઈમ થ્રિલર અને મ્યુઝિકલ ડ્રામાનો ક્રેઝ ચરમસીમાએ છે. ત્યારે વધુ એક નવું નામ ઉમેરાવા જઈ રહ્યું છે ‘લુખ્ખે’. Amazon Prime Video પર કાલે રિલીઝ થવા જઈ રહી છે. આ સિરીઝે તેના ટ્રેલર અને સ્ટાર કાસ્ટના કારણે અત્યારથી જ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે.

‘લુખ્ખે’ની સ્ટોરી પંજાબના ચંદીગઢ શહેરની આસપાસ ફરે છે. સ્ટોરીનો સેન્ટર પોઈન્ટ એક એવો ખેલાડી છે જે સંજોગોવશાત એક મોટા ડ્રગ રેકેટમાં અંડરકવર એજન્ટ તરીકે ઘુસે છે. પરંતુ જેમ જેમ તે આ દુનિયામાં ઊંડો ઉતરે છે, તેમ તેમ તે સ્ટ્રીટ પાવર અને મહત્વકાંક્ષાના વમળમાં ફસાતો જાય છે. મ્યુઝિક, હાઈ-સ્ટેક્સ ગેમ્બલિંગ અને ગુનાખોરી વચ્ચે ઝૂલતી આ સિરીઝ યુવાનોની માનસિકતા અને સફળતા મેળવવાની ઘેલછાને દર્શાવે છે.

ડાયરેક્ટર હિમાંક ગૌર (જેમણે તાઝા ખબર જેવી હિટ સિરીઝ આપી છે) એ આ વખતે પણ કલાકારોની અદભૂત પસંદગી કરી છે:

કિંગ પ્રખ્યાત ભારતીય રેપર કિંગ આ સિરીઝ દ્વારા પોતાનું ડિજિટલ ડેબ્યૂ કરી રહ્યા છે. તેમનો રિયલ લાઈફ મ્યુઝિકલ ટચ આ સિરીઝને વધુ ઓથેન્ટિક બનાવે છે. રાશી ખન્નાઃ સાઉથ અને બોલિવૂડમાં જાણીતું નામ એવી રાશી ખન્ના અહીં એક મહત્વપૂર્ણ અને બોલ્ડ પાત્રમાં જોવા મળી.

શિવંકિત સિંહ પરિહારઃ TVF ફેમ શિવંકિત પોતાની અનોખી એક્ટિંગ સ્ટાઈલ માટે જાણીતા છે, તેઓ આમાં ગંભીર ભૂમિકા ભજવતા જોવા મળ્યો. પલક તિવારી અને ક્રિતિકા ભારદ્વાજઃ આ યુવા કલાકારો સ્ટોરીમાં ગ્લેમર અને ડ્રામાનો તડકો લગાવી દીધો છે.

લુખ્ખે નામ સાંભળતા જ એવું લાગે કે આ કોઈ દેશી ગલીઓની સ્ટોરી હશે અને તે સાચું પણ છે. સિરીઝમાં પંજાબી અને હિન્દી હિપ-હોપનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે. ચંદીગઢની રાતની રોશની અને ત્યાંના અંડરગ્રાઉન્ડ મ્યુઝિક સીનને ખૂબ જ ઝીણવટપૂર્વક શૂટ કરવામાં આવ્યો છે. ડાયરેક્ટરનો વ્યૂ એવો હતો કે પ્રેક્ષકો ચંદીગઢની માત્ર સુંદરતા જ નહીં, પણ તેની ગલીઓમાં છુપાયેલું અંધારું પણ જુએ. લુખ્ખે એવા લોકોની સ્ટોરી છે જેમને દુનિયા નકામા ગણે છે, પણ તેમની પોતાની એક અલગ સમાંતર દુનિયા હોય છે. ભારતમાં મ્યુઝિક અને ક્રાઈમને જોડતી આ પ્રકારની સિરીઝ ભાગ્યે જ બની છે. કિંગના ફેન્સ માટે આ એક મોટી ટ્રીટ છે. તેની એક્ટિંગ સ્કીલ્સ જોવી રસપ્રદ રહી.

અંડરકવર એજન્ટની ઓળખ છુપાવવાની મથામણ પ્રેક્ષકોને જકડી રાખે છે. એમેઝોન પ્રાઈમ પર હોવાથી તેની વિઝ્યુઅલ ક્વોલિટી અને સાઉન્ડ ડિઝાઈન ઈન્ટરનેશનલ લેવલની છે. આમાં કોઈ મારધાડ વાળી ફિલ્મી ફાઈટ નથી, પણ પંજાબની ગલીઓમાં થતી રો એક્શન છે. ચેઝિંગ સીન્સ અને ગન-ફાઈટને ખૂબ જ રિયલ રાખવામાં આવી છે.

જોકે આ એક ક્રાઈમ થ્રિલર છે, પણ તે છૂપી રીતે ઝડપી સફળતા મેળવવા જતા યુવાનો જે ભૂલો કરે છે અને તેના પરિણામે જે કિંમત ચૂકવવી પડે છે, તેના પર કટાક્ષ કરે છે.

સિરીઝમાં કુલ 8 એપિસોડ છે, જેમાં પ્રત્યેક એપિસોડની લંબાઈ 40 થી 45 મિનિટની છે. આ સિરીઝ 18+ માટે છે.

તેમાં વપરાયેલી ભાષા, હિંસા અને ડ્રગ્સના દ્રશ્યોને કારણે તે નાના બાળકો માટે યોગ્ય નથી. જો તમે હાર્ડકોર ક્રાઈમ ડ્રામાના શોખીન હોવ તો જ આ સિરીઝ તમારા માટે બેસ્ટ છે. ●



# કેમ્પસ બીટ્સ સીઝન 6માં:
# ડાન્સ, ડ્રામા અને દિલ એક સાથે!

ટીવી ટાઇમ

આજે આપણે એક એવી OTT સિરીઝની વિશે જાણીશું જેની 5 સિઝન આવી ચૂકી છે. હવે સિઝન 6 વિશે વિગતે જાણીએ....

જો તમે એમ વિચારતા હોવ કે કોલેજ લાઈફ એટલે ફક્ત લેક્ચર્સ અને અસાઈનમેન્ટ્સ, તો ભાઈ તમે હજી ‘કેમ્પસ બીટ્સ’ની દુનિયાથી અજાણ છો! ૨૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ Amazon miniTV પર ધમાકેદાર વાપસી કરી રહેલી ‘કેમ્પસ બીટ્સ સિઝન 6’ એ સાબિત કરી દીધું છે કે જ્યાં ડાન્સ હોય ત્યાં જિંદગી હોય છે.

તમારા પોપકોર્ન તૈયાર રાખો, કારણ કે આ વખતે મામલો વધુ ગરમાગરમ છે!

સિઝન 5ના એવા વળાંક પર આપણે અટક્યા હતા જ્યાં શ્વાસ અદ્ધર થઈ ગયા હતા. સિઝન 6ની શરૂઆત ત્યાંથી જ થાય છે જ્યાં ઈશાન અને નેત્રા વચ્ચેની કેમિસ્ટ્રી હવે માત્ર ડાન્સ ફ્લોર પૂરતી મર્યાદિત નથી રહી.

યુનિવર્સિટીમાં ફરી એકવાર સત્તાની લડાઈ શરૂ થઈ છે. આ વખતે માત્ર બે ગ્રુપ વચ્ચેનો મુકાબલો નથી, પણ પોતાની જાત સાથેની લડાઈ છે.

નેત્રા જે મિશન સાથે આ કોલેજમાં આવી હતી, શું એ પૂરું થશે? કે પછી પ્રેમમાં પડેલી નેત્રા પોતાના લક્ષ્યથી ભટકી જશે?

> **સેટ પર મોડી રાત સુધી ચાલતા રિહર્સલ્સમાં શાંતનુ બધા માટે ‘સ્પેશિયલ મેગી’ બનાવતો હતો. કહેવાય છે કે તેના ડાન્સ કરતા તેની મેગીના ચાહકો સેટ પર વધી ગયા હતા!**

આ સિઝનમાં કેટલાક એવા ચહેરાઓની એન્ટ્રી થઈ છે જે જૂના ખેલાડીઓના પરસેવા છોડાવી દેશે.

શાંતનુ મહેશ્વરીએ ફરી એકવાર સાબિત કરે છે કે તેના જેવી મૂવ્સ આખા OTT પ્લેટફોર્મ પર કોઈની પાસે નથી. તેની અને શ્રુતિની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રી જોઈને સિંગલ લોકોએ તો ખાસ ‘રિસ્ક’ લેવું પડશે!

શૂટિંગ દરમિયાન સેટ પર એટલી ધમાલ થતી હતી કે ડાયરેક્ટરે ઘણીવાર ‘કટ’ કહેવા છતાં એક્ટર્સ નાચવાનું ચાલુ જ રાખતા!

સેટ પર મોડી રાત સુધી ચાલતા રિહર્સલ્સમાં શાંતનુ બધા માટે ‘સ્પેશિયલ મેગી’ બનાવતો હતો. કહેવાય છે કે તેના ડાન્સ કરતા તેની મેગીના ચાહકો સેટ પર વધી ગયા હતા! શ્રુતિ સિન્હા સેટ પર સૌથી મોટી પ્રેન્કસ્ટર છે. એકવાર તેણે સાહિલના મોબાઈલનું વોલપેપર બદલીને પોતાનો રમુજી ફોટો મૂકી દીધો હતો, જે સાહિલે આખા દિવસ પછી જોયો! એક ગંભીર સીન વખતે શાંતનુનો સ્ટેપ મિસ થયો અને તે ડાયરેક્ટ સીધો કેમેરામેન પર જઈ પડ્યો. સદનસીબે કોઈને વાગ્યું નહીં, પણ આખો સેટ ૧૦ મિનિટ સુધી હસતો રહ્યો હતો.

જો તમે ડાન્સ લવર છો, તો આ શો તમારા માટે વિઝ્યુઅલ ટ્રીટ છે. ફ્રીસ્ટાઈલથી લઈને કન્ટેમ્પરરી સુધી, બધું જ અહીં છે.

Amazon miniTV પર હોવાથી તમારે કોઈ અલગ સબસ્ક્રિપ્શનની ચિંતા કરવાની જરૂર નથી! કેમ્પસ બીટ્સ સીઝન 6’ એ એક એવી સફર છે જે તમને તમારી કોલેજના દિવસો યાદ અપાવી દેશે. ભલે તમે ડાન્સર હોવ કે ન હોવ, આ શોનો ડ્રામા તમને જકડી રાખશે. નેત્રા અને ઈશાનની લવ સ્ટોરી કયા મોડ પર આવશે તે જાણવા માટે અત્યારે જ એપ ઓપન કરો!

જો તમે આ સીઝન જોતી વખતે અચાનક ડાન્સ કરવા માંડો, તો સમજજો કે ‘કેમ્પસ બીટ્સ’નો જાદુ તમારા પર ચડી ગયો છે!

# કૃષ્ણાનો પૂરો થયો વનવાસ!



લાફ્ટર શેફ્સ’ના સેટ પર જ્યારે કૃષ્ણા અભિષેકના મામી સુનિતા આહુજા પહોંચ્યા, ત્યારે કાશ્મીરા અને કૃષ્ણા બંને ઈમોશ્નલ થઈ ગયા હતા અને તેમના 14 વર્ષ લાંબા ઝઘડાનો અંત આવ્યો હતો. આ ત્રણેય માટે ખૂબ જ ભાવુક ક્ષણ હતી. સુનિતાની માફી માંગતા કૃષ્ણાની પત્ની કાશ્મીરાએ કહ્યું કે તે સુનિતા અને ગોવિંદા પ્રત્યે ખૂબ જ રૂડ હતી. તેણે એ પણ યાદ કર્યું કે તેમનો વિવાદ કેવી રીતે શરૂ થયો હતો અને ખુલાસો કર્યો કે માતા બન્યા પછી તેને પોતાની ભૂલનો અહેસાસ થયો. સુનિતા પણ પહેલીવાર કૃષ્ણા અને કાશ્મીરાના બાળકોને મળી હતી.




> **વર્ષો પહેલા, નેશનલ ટેલિવિઝન પર કૃષ્ણાએ તેના મામા (ગોવિંદા) વિશે કરેલી કેટલીક મજાકથી ગોવિંદા અને તેની પત્ની સુનિતા નારાજ થયા હતા**

રિશ્તે નાતે

વર્ષો પહેલા, નેશનલ ટેલિવિઝન પર કૃષ્ણાએ તેના મામા (ગોવિંદા) વિશે કરેલી કેટલીક મજાકથી ગોવિંદા અને તેની પત્ની સુનિતા નારાજ થયા હતા. તેમની વચ્ચે વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે કાશ્મીરાએ ‘પૈસા માટે ડાન્સ કરતા સેલિબ્રિટીઝ’ વિશે ટ્વીટ કર્યું, સુનિતાને લાગ્યું કે આ ટિપ્પણી ગોવિંદા તરફ ઈશારો હતો.

ત્યારબાદ તેમણે એકબીજા સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા અને સુનિતા તથા ગોવિંદાએ કૃષ્ણા અને કાશ્મીરા સાથે વાતચીત કરવાનો ઈનકાર કરી દીધો હતો. જ્યારે આ દંપતીના જોડિયા બાળકોનો જન્મ થયો ત્યારે પણ તેઓ તેમને મળવા ગયા નહોતા, અને સુનિતાએ બે વર્ષ પહેલા આરતી સિંહના લગ્નમાં હાજરી આપવાનું પણ ટાળ્યું હતું. સુનિતાએ આખરે જૂની વાતો ભૂલીને સમાધાન કર્યું, જેનાથી કાશ્મીરા ખૂબ જ ભાવુક થઈ ગઈ હતી. મામી સુનિતા સાથે તો સમાધાન થઈ ગયું, હવે ચાહકોની નજર એ વાત પર છે કે ગોવિંદા અને કૃષ્ણા ક્યારે એક ફ્રેમમાં જોવા મળશે. શું આપણે ફરીથી મામા-ભાણેજની એ જોડીને સ્ટેજ પર જોક્સ અને ડાન્સ કરતા જોઈ શકીશું? હાલ તો એટલું ચોક્કસ કહી શકાય કે આ દિવાળી પહેલા જ આ પરિવારમાં ‘ખુશીઓની દિવાળી’ આવી ગઈ છે. મનોરંજન જગત માટે આ એક મોટો બોધપાઠ છે કે અહંકાર ગમે તેટલો મોટો હોય, પણ માફી માંગવાથી કોઈ નાનું નથી થઈ જતું. આખરે, ‘ઓલ ઈઝ વેલ’ થઈ ગયું છે! ●